જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૦/૨૦૧૮ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૦૫૫/૧૮

## ✹ પેરોલ જમ્પના આરોપીને પકડી પાડતી બાપુનગર પોલીસ ✹

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશરશ્રી " એચ" ડ્રેવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા, પેરોલ ફર્લો જમ્પ તેમજ વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઈન્સ્પેકટર શ્રી એચ.બી.ચૌધરી બાપુનગર પો.સ્ટે.અમદાવાદ શહેર તથા સ્ટાફના માણસોએ મળેલ બાતમી હકિકત આધારે A.T.S. પો.સ્ટે. NDPS ફસ્ટ ગુરનં.૮/૨૦૦૯ N.D.P.S. કલમ ૨૦ બી, ૮(સી), ના કામનો પાકા કામનો આરોપી દિનેશભાઈ કિશનભાઈ નિરપુરે ઉ.વ.૩૭ રહે.ચંદુલાલની ચાલી વિક્રમ મીલની પાછળ બાપુનગર અમદાવાદ નાઓ પેરોલ રજા ઉપર છુટેલ હોય અને તા.૧૫.૧૦.૨૦૧૮ ના રોજ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે હાજર થવાનું ન હોય.પરંતુ તે પેરોલ રજા ઉપરથી ફરાર થઈ ગયેલ હોય તેને આજરોજ તા.૨૦.૧૦.૨૦૧૮ ના કલાક ૧૬.૧૫ વાગે પકડી કાયદેસર કાર્યવાહી કરી સદરી આરોપીને સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૨૦.૧૦.૨૦૧૮

શાહપુર પોલીસ સ્ટેશન :

મે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી ક્રમાંક/PCB/DTN/પાસા/૯૯૩/૨૦૧૮ તા.૧૯/૧૦/૨૦૧૮ આધારે સવિતા ઉર્ફે સવલી મુન્નાભાઈ દાતણીયા ઉ.વ.૪૫ રહે.મીઠન સૈયદની ચાલી પાછળ કાચા છાપરામાં શાહપુર અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધમાં દાખલ થયેલ પ્રોહીબીશન હેઠળના ગુનામાં સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય સદરી આરોપણ બહેનને તા.૨૦/૧૦/૨૦૧૮ ના કલાક.૧૭/૪૫ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી “લાજપોર સુરત" જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે તા.૨૦/૧૦/૨૦૧૮

## પ્રોહીબીશન સબંધી ૪(ચાર) પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમી.શ્રી 'જે' ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એચ.વી.સીસારા નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્ટાફના માણસો નાઓએ વટવા પો.સ્ટે. દાખલ થયેલ અલગ-અલગ પ્રોહીબીશનના ગુનાઓમાં ૪(ચાર) આરોપીઓ વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીઓને વટવા પો.સ્ટે. ખાતે લાવી આરોપીઓની પાસા અટકાયત કરી નીચે મુજબ પાસા હુકમની બજવણી કરેલ છે.

⟹ અ.નં (૧) શ્રીમતી અવિનાબેન વા/ઓ રાકેશભાઈ મંગળાભાઈ જાતે-સંગાળા ઉવ.૨૦, રહે- અંબીકાબ્રીજના નીચે ચાર માળીયા સામે છાપરામાં વટવા અમદાવાદ શહેર મુળ રહે- ગામ-ખજુરીયા, તા.-ગરબાળા, જી.-દાહોદ, નાઓ વિરુધ્ધ વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં ૫૩૧૨/૧૮ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઈ), ૮૧, ૧૧૬(બી) મુજબના ગુનાઓ આધારે મે.પો.કમિ.શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક ;- પીસીબી/ડીટીએન/પાસા/૯૯૮/૨૦૧૮ તા.૨૦/૧૦/૨૦૧૮ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપણ બેનને તા.૨૦/૧૦/૨૦૧૮ ના કલાક ૧૭/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

⟹ અ.નં. (૨) શ્રીમતી રમીલાબેન વા/ઓ કાળુભાઈ જાતે-ચુનારા ઉંવ.૪૨ રહે- ચુનારાવાસ, ધનલક્ષ્મી સોસાયટી પાછળ, વટવા અમદાવાદ શહેરનાઓ વિરુધ્ધ વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં ૫૬૧૪/૧૭, ૫૦૭૯/૧૮, ૫૨૨૮/૧૮, ૫૩૯૨/૧૮ પ્રોહી કલમ ૬૬(બી) ૬૫(ઈ) ૮૧ મુજબના ગુના આધારે મે.પો.કમિ. શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક; - પીસીબી/ડીટીએન/પાસા/૯૯૭/૨૦૧૮ તા.૨૦/૧૦/૧૮ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપણ બેનને તા.૨૦/૧૦/૨૦૧૮ ના કલાક ૧૭/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને ખાસ જેલ પાલારા - ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. (P.T.O.)

⟹ અ.નં. (૩) શ્રી મનોજકુમાર સ/ઓ રામચરણ જાતે-શ્રીવાસ્તવ ઉંવ.૨૯ રહે- મચ્છીબજાર ગ્રીનચોક કુત્બેઆલમ દરગાહ પાછળ વટવા અમદાવાદ શહેરનાઓ વિરુધ્ધ વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં ૫૦૨૮/૧૬, ૫૬૦૦/૧૭, ૫૨૦૦/૧૮, ૫૨૫૫/૧૮, ૫૩૧૯/૧૮, ૫૩૪૪/૧૮, ૫૩૯૫/૧૮ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઈ), ૮૧, ૯૮(૨) મુજબના ગુના આધારે મે.પો.કમિ. શ્રી અ'વાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક; - પીસીબી/ડીટીએન/પાસા/૯૯૬/૧૮ તા.૨૦/૧૦/૨૦૧૮ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૨૦/૧૦/૨૦૧૮ ના કલાક ૧૭/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ બરોડા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

⟹ અ.નં. (૪) શ્રી અશોકભાઈ સ/ઓ વસંતભાઈ જાતે-ચુનારા ઉંવ.૩૦ રહે- મોટો ચુનારાવાસ દરગાહની પાછળ વટવા અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં ૫૨૧૧/૧૮, ૫૦૯૮૧૬, ૫૪૮૮/૧૭, ૫૭૩૭/૧૭, ૫૨૮૨/૧૮ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઈ), ૮૧, મુજબના ગુનાઓ આધારે મે.પો.કમિ. શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક; - પીસીબી/ડીટીએન/પાસા/૯૯૫/૨૦૧૮ તા.૨૦/૧૦/૨૦૧૮ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૨૦/૧૦/૨૦૧૮ ના કલાક ૧૭/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

મે.પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા મે.સેકટર-૨ સાહેબ શ્રી તથા ના.પો.કમી.શ્રી ઝોન-૪ સાહેબ શ્રી તથા મ.પો.કમિ.શ્રી 'એફ' ડીવીઝન સાહેબ તથા સિનિયર પોલીસ ઇન્સપેક્ટર એ.કે.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. વી. પી. મકવાણા તથા આ.પો.સબ.ઇન્સ.ધનશ્યામસિંહ ચંદનસિંહ બ.નં.૪૮૩૦ તથા અ.પો.કો.બિપીનચંન્દ્ર ખુશાલદાસ બ.નં.૮૯૩૧ તથા અ.પો.કો.જીગ્નેશકુમાર મનુભાઇ બ.નં.૫૨૫૧ તથા અ.લો.ર.દિપક ડાહ્યાભાઇ બ.નં.૧૪૦૦ તથા વુ.લો.ર.નીતાબેન માનસંગભાઇ બ.નં.૧૦૮૪૦ તથા વુ.લો.ર.દિવ્યાબેન જીતેન્દ્રકુમાર બ.નં.૧૦૭૯૬ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા પેટ્રોલીંગમાં હાજર હતા દરમ્યાન અ.પો.કો.બિપીનચંન્દ્ર ખુશાલદાસ બ.નં.૮૯૩૧ નાઓની બાતમી હકીકત આધારે FSL ચાર રસ્તા હાજર રહી ઇસમો નામે-(૧) અશ્વિનભાઇ સ./ઓ.બાબુભાઇ ભાયાભાઇ સોલંકી (દેવીપુજક) ઉ.વ.૨૮ ધંધો.રી.ડ્રા.રહે.મફતપરૂ, દેવીપુજકવાસ,તત્વ જયોતી રોડ,રાજુલા તા.રાજુલા જી.અમરેલી (૨) અશોકભાઇ સ./ઓ.નાથાભાઇ નાનજીભાઇ સોલંકી (દેવીપુજક) ઉ.વ.૩૫ ધંધો.છુટક મજુરી હાલ રહે.દેવીપુજકવાસ સાપોદર તા.રાજુલા જી.અમરેલી મૂળ વતન-ગામ-જાંબુડી તા.વિસાવદર જી.જુનાગઢ (૩) મહેશભાઇ સ./ઓ.મધુભાઇ ભીખાભાઇ સોલંકી (દેવીપુજક) ઉ.વ.૨૫ ધંધો.છુટક મજુરી રહે.ગામ-જાપોદર તા.રાજુલા જી.અમરેલી (૪) પ્રકાશ સ./ઓ.રમેશભાઇ રાણાભાઇ સોલંકી (દેવીપુજક) ઉ.વ.૧૯ ધંધો.અભ્યાસ રહે.પતરાવાળા છાપરા.કિષ્ણાપાર્ક સોસાયટીની પાછળ,હિંદોરળા ચોકડી,સોમનાથ હાઇવે પાસે રાજુલા તા.રાજુલા જી.અમરેલી (૫) વિજય સ./ઓ.મધુભાઇ ભીખાભાઇ સોલંકી (દેવીપુજક) ઉ.વ.૨૫ ધંધો.છુટક મજુરી રહે.ગામ-જાપોદર તા.રાજુલા જી.અમરેલીનાઓની પાસેથી અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૦૬ જેની કિ.રૂ.૨૮૫૦૦/- તથા એક ઓટો-રીક્ષા જેનો RTO નંબર જોતાં GJ-01-CY-3907 નો છે.જે ઓટો-રીક્ષાની કિ.રૂ.૩૫૦૦૦/- તથા રોકડા રૂ.૫૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૬૮૫૦૦/-નો મુદામાલ સી.આર.પી.સી.કલમ-૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરી, સદરી ઈસમો વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ-૪૧(૧)(ડી) મુજબ તા.૧૮/૧૦/૨૦૧૮ ના કલાક:૨૧/૧૭ વાગે પકડી અટક કરી સઘન પુછપરછ કરતા નીચે મુજબના ગુનાઓની કબુલાત કરેલ છે.તા.૧૯/૧૦/૨૦૧૮

(૧) તા.૧૭/૧૦/૧૮ ના રોજ સાંજના આશરે સાડા છ વાગે એક પેસેન્જરને ઓટો-રીક્ષામાં બેસાડી જેની બેગમાંથી એક એમ.આઇ. કંપનીનો મોબાઇલ ફોન જેનો IMEI નં-૮૬૮૧૫૧૦૪૫૩૦૧૫૫૫ તથા ૮૬૮૧૫૧૦૪૫૩૦૧૫૬૩ નો કાઢી લઇ HP પેટ્રોલપંપ જૈન ટ્રાવેલ્સ પાસે માધુપુરા પેસેન્જરને ઉતારી દીધેલ છે.

(૨) આજથી ત્રણ-ચાર દિવસ પહેલા સવારના આશરે નવેક વાગે એક પેસેન્જરને ઓટો-રીક્ષામાં બેસાડી જેના ખીસ્સામાંથી રોકડા રૂ.૧૦,૦૦૦/- કાઢી લઇ પાલડી ચાર રસ્તા ખાતે પેસેન્જરને ઉતારી દીધેલ છે.

(૩) આજથી અઠવાડીયા પહેલા સવારના આશરે દસેક વાગે એક પેસેન્જરને ઓટો-રીક્ષામાં બેસાડી જેના ખીસ્સામાંથી રોકડા રૂ.૨૦,૦૦૦/- કાઢી લઇ સુભાષબ્રીજ સર્કલ મારૂતીનંદન હોટલ ખાતે પેસેન્જરને ઉતારી દીધેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.